सत्यमेव जयते

| Received on : | ૨૨-૦૧-૨૦૨૬ | | |
|---|---|---|---|
| Registered on : | ૨૨-૦૧-૨૦૨૬ | | |
| Decided on : | ૨૯-૦૪-૨૦૨૬ | | |
| Duration : | Year | Month | Days |
| | ૦૦ | ૦૩ | ૦૭ |

# દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા

આંક.____.

## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૨૭/૨૦૨૬

**અરજદાર :-** આલ ભારતીબેન અમરતભાઇ
મુળ રહેવાસી. દેસાઇ વાસ, મડાણા (ડાંગીયા),
તા. ગઢ, જી. બનાસકાંઠા.
હાલ રહેવાસી. ઉમીયાનગર, રખેવાળ પ્રેસ,
ડીસા, તા. ડીસા, જી. બનાસકાંઠા.

વિરૂધ્ધ

**સામાવાળા :-** શ્રી. સરકાર
(દિયોદર પોલીસ સ્ટેશન)

**બાબત : ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૫૨ મુજબ મુદદામાલ વાહન પરત મેળવવા માટેની અરજી**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. આર. સી. મકવાણા**
**સામાવાળા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ**

---

-: <u>જજમેન્ટ</u> :-

૧. આ કામના અરજદારે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૫૨ અન્વયે દિયોદર પોલીસ સ્ટેશનના પ્રોહી ગુના રજીસ્ટર નંબર. ૧૫૯/૨૦૧૭, પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી, ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) અને ૮૧ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી અને કબજા ભોગવટાનું વાહન મહિન્દ્રા કંપનીનું પીકઅપ ડાલુ જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર GJ-02-Z-2332 નો છે અને તેનો ચેસીસ નંબર 81B18135 અને એન્જીન નંબર GG81B33319 નો છે તે મુદદામાલ વાહન મહિન્દ્રા કંપનીનું પીકઅપ ડાલા ની કાયમી કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. હાલની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક ૪ નો અભિપ્રાય, પંચનામું, મુદદામાલ પાવતી અને સદર મુદદામાલ વાહનના વેચાણ લેખની નકલ વંચાણે લીધી. સદર મુદદામાલ વાહન ની આર.સી. બુક તેમ જ સદર ગુનાના કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ આરોપીઓ અશોકજી બાબુજી ઠાકોર અને પીરાજી રામચંદજી ઠાકોર નાઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ જેને અત્રેની અદાલત ધ્વારા ક્રિમીનલ કેસ નંબર ૨૨૭/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ તે ચાર્જશીટના તમામ કાગળો વંચાણે લીધા તેમ જ સદર કેસના કામે મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશ શ્રીએ તારીખ ૧૨.૧૧.૨૦૨૨ ના હુકમથી તે કેસ નું પ્રોસીડીંગ આરોપીઓ મળી આવતા ન હોવાના કારણે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ અન્વયે અટકાવી આરોપીઓને તેની સામેના ગુનામાંથી બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરેલ તે હુકમને પણ ધ્યાને લીધેલ છે.

૩. અરજદાર તરફે તેઓના વિધ્વાન વકીલ શ્રી. આર. સી. મકવાણા તેમ જ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ.આર. બ્રાહમણ ની દલીલો સાંભળી.

૪. અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. મકવાણાએ હાલની અરજીની હકીકતો મુજબની દલીલો કરતા જણાવેલ છે કે આ કામના અરજદાર તે હાલના કામે કબજે કરેલ મુદદામાલ પીકઅપ ડાલાના માલીક છે અને સદર મુદદામાલ પીકઅપ ડાલાને દિયોદર પોલીસ સ્ટેશનના પ્રોહી ગુના રજીસ્ટર નંબર. ૧૫૯/૨૦૧૭, પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) અને ૮૧ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ છે અને સદર વાહન હાલમાં દિયોદર પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે અને આ કામના અરજદારે સદર મુદદામાલ વાહનનો કોઇપણ પ્રકારના ગુનામાં ઉપયોગ કરેલ નથી અને સદર કામે તપાસ પુરી થઇ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ પણ દાખલ થઇ ગયેલ છે અને તે કેસ નામદાર કોર્ટમાં ચાલી ગયેલ છે અને આરોપીઓને બિનતહોમત છોડી મુકવાનો હુકમ થયેલ પરંતુ જે તે સમયે મુદદામાલ વાહન બાબતે કોઇ હુકમ થયેલ ન હોવાની રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર ના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે સદર મુદદામાલ વાહનનો અરજદાર તેમના ઘરકામ માટે ઉપયોગ કરે છે અને સદર મુદદામાલ વાહન સીવાય અરજદારને ખેતીકામમાં ભારે હાલાકી ભોગવવી પડે છે. વધુમાં સદરહુ ગુના બાબતે અરજદાર કાંઇ જાણતા નથી અને સદર મુદદામાલ પીકઅપ ડાલુ હાલના અરજદારની માલીકીની હોવા બાબતે અરજદારે આર.સી. બુક તથા આધારકાર્ડ રજુ કરેલ હોવાનું જણાવી સદર મુદદામાલ પીકઅપ ડાલુ હાલમાં દિયોદર પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં પડી રહેલ છે અને સદર મુદદામાલ વાહન ની સાચવણી કરવા માટે પોલીસ સ્ટેશનમાં કોઇ સગવડ ન હોવાનું જણાવી જો અરજદારની માલીકીનું કબજે કરવામાં આવેલ સદર વાહન મુદદામાલ પીકઅપ ડાલુ વધુ સમય માટે પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં બંધ હાલતમાં પડી રહે તો સદર મુદદામાલ વાહનની બેટરી, ટાયર, ટયુબ તથા એન્જીનની બોડી તથા અન્ય મશીનરી ને નુકસાન થાય તેમ હોઇ અને તેનાથી અરજદારને ઘણું મોટું ધંધાકીય આર્થિક નુકસાન થાય તેમ છે અને સદર ગાડી ઉપયોગ કરવા લાયક રહે નહી અને તે સંજોગોમાં મુદદામાલ વાહનને વધુ સમય પોલીસ સ્ટેશન ખાતે ખુલ્લામાં પડી રાખવામાં આવે તો સદરહુ મુદદામાલ વાહનને પારાવાર નુકસાન થાય તેમ હોઇ અને આ કામે તપાસ પુરી થઇ ચાર્જશીટ રજુ થતા તે કેસ પણ ફેંસલ થઇ ગયેલ હોઇ, સદર મુદદામાલ વાહન કાયમી કસ્ટડી તરીકે

અરજદારને સોંપવાનો હુકમ કરવા અરજ કરેલ છે અને વધુમાં નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તેનું પાલન કરવા અરજદાર તૈયાર હોવાની રજુઆત કરેલ છે.

૫. સદર કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ આંક ૪ થી રજુ કરેલ મુદદામાલ અંગેનો અભિપ્રાય, પંચનામું તથા મુદદામાલ પાવતી ને ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે આ કામે આરોપીઓ જે તે સમયે સદર મુદદામાલ ગાડી મુકી નાસી ગયેલ હોઇ તેમના નામ ચોકકસ ન હોઇ તે તપાસ માટે ગાડી માલીકની આર.ટી.ઓ. પાલનપુર થી ખાતરી કરતા ગાડી માલીક હાલના અરજદાર ભ ારતીબેન અમરતભાઇ દેસાઇ (આલ), રહેવાસી. અમૃતનગર, ડીસા વાળાની હોઇ તેઓની તપાસ કરતા તેઓએ આ જીપ ડાલુ વેચવા માટે તેમના દલાલ અસ્લમભાઇ સૈયદ, રહેવાસી. ઉંઝા વાળાને આપેલ હતું અને તેણે તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ અશોકજી બાબુજી ઠાકોર, રહેવાસી. પાટણ વાળાને રમેશભાઇ ઠકકર દલાલ મારફતે વેચાણ કરેલ અને લોનની ગાડી હોઇ તે ટ્રાન્સફર થયેલ નહી અને તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ વેચાણ અંગેનો દસ્તાવેજ નોટરી સમક્ષ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદાર શ્રીએ તેમના અભિપ્રાયમાં જણાવેલ છે કે ત્યારબાદ તપાસ કરનાર અમલદાર શ્રીએ સદર કામે આરોપીઓ અશોકજી બાબુજી ઠાકોર અને પીરાજી રામચંદજી ઠાકોર નાઓને અટક કરેલ અને તપાસ પુરી કરી તે આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદાર શ્રીએ જણાવેલ છે કે તારીખ ૨૨.૮.૨૦૧૭ ના રોજ તપાસ કરનાર અમલદાર શ્રીએ આ કામના હાલના અરજદાર ભારતીબેન અમરતભાઇ આલ નું નિવેદન લીધેલ જેમાં હાલના અરજદારે સ્પષ્ટ જણાવેલ છે કે “આજરોજ આપ સાહેબે મને મહેન્દ્રા પીકઅપ ડાલા નં. GJ-02-Z-2332 નું ગઇ તારીખ ૧૪.૫.૨૦૧૭ ના રોજ દિયોદર પોલીસ સ્ટેશનમાં દારૂ સાથે પકડાયેલ જે જીપ ડાલાની તમો પોલીસે તપાસ કરતા મારા નામે હોઇ જે અંગે મને પુછતાં લખાવું છું કે, આ જીપ ડાલુ મોડલ સને ૨૦૦૮ નું સને ૨૦૧૬ ના વર્ષમાં વિસનગર થી અમારા પરીચીત દલાલ અસ્લમભાઇ, રહે. ઉંઝા વાળાએ અપાવેલ હતું અને જે જીપ ડાલુ અમો મારા શાકભાજીમાં ફેરવતા હતા પણ તેમને આ જીપ ડાલુ બરાબર ન ફાવતા દલાલ અસ્લમભાઇ ના ત્યાં ઉંઝા વેચવા માટે મુકેલું અને ગઇ તારીખ

૮.૫.૨૦૧૭ ના રોજ અસ્લમે ફોન કરી મને કહેલ કે, તમારી ગાડી વેચાયેલ છે તો સ્ટેમ્પમાં સહી કરવા આવો જેથી હું તેમણે પાટણમાં નોટરી દસ્તાવેજ તારીખ ૮.૫.૨૦૧૭ ના વેચાણ કરેલનો દસ્તાવેજ તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ કરેલ હતો અને પૈસા પણ મને તે દિવસે પુરા મળી ગયેલ હતા જેથી આ દસ્તાવેજ લેટ કરવાનું કારણ પણ દલાલે મને તમારા પૈસા પુરા પતી જાય તે પછી દસ્તાવેજ કરીએ તેથી લેટ થયેલ છે તે સિવાય આ દસ્તાવેજ કરેલ ત્યારે વેચાણ લેનાર જે ઠાકોર અશોકજી બાબુજી, રહે. પાટણ વાળાને હું ઓળખતી ન હતી પણ દસ્તાવેજમાં અસ્લમે સહી કરાવેલ ત્યારે જોયેલ હતો અને અસ્લમે આ ઠાકોર અશોકજીને પકડી લઇ આવેલ ત્યારે મેં જોયેલ તો મેં ગાડી વેચેલ તે અશોકજી છે અને તેણે આ જીપડાલામાં દારુ ભરી હેરાફેરી કરતા પકડાયેલ છે અને મારા નામે ગાડી હોઇ જે એન.ઓ.સી. કાઢી આપેલ છે પણ ટ્રાન્સફર થયેલ નથી. આ દારૂવાળા સાથે મારે કોઇ લેવાદેવા નથી કે મારા કોઇ પરીચયમાં નથી" તેવી હકીકતો લખાવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદાર શ્રીએ તેમના અભિપ્રાયમાં જણાવેલ છે કે આ કામે કબજે કરેલ મુદદામાલ પીકઅપ ડાલુ પરપ્રાંતીય દારૂની હેરાફેરીના ગુનામાં પકડાયેલ હોઇ તેમ જ ગૃહ વિભાગ ગુજરાત સરકારના તારીખ ૧.૧૦.૨૦૨૫ ના પત્ર ક્રમાંક **HD/VDR/E-FILE/8/2024/4357/E1** મૂજબ દારૂના જથ્થામાં પકડાયેલ વાહનની ઇ-ઓકશન ની કાર્યવાહી પણ કરવાની હોઇ જેથી આ કામે કબજે કરેલ મુદદામાલ પીકઅપ ડાલુ હાલના અરજદારને પરત નહી સોંપવા બાબતનો અભિપ્રાય આપેલ છે. ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી શ્રી. બ્રાહમણે હાલની અરજી લગત સીન નો શેરો કરી યોગ્ય હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

૬. ઉભયપક્ષની દલીલો સાંભળી. અરજદારની હાલની અરજી તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો તેમજ પોલીસ અભિપ્રાય, પંચનામા અને મુદદામાલ પાવતી વંચાણે લીધા. હાલના કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ પોતાના આંક ૪ ના અભિપ્રાય સાથે સદર મુદદામાલ વાહનના વેચાણ લેખની નકલ રજુ કરેલ અને તે વેચાણ લેખને ધ્યાને લેતાં આ કામે કબજે કરેલ મુદદામાલ વાહન પીકઅપ ડાલાના મુળ માલીક હાલના અરજદારે તારીખ ૧૮/૦૫/૨૦૧૭ ના રોજ વેચાણ

કરાર કરી સદર મુદદામાલ પીકઅપ ડાલુ ઠાકોર અશોકજી બાબુજી ને વેચાણ આપેલ છે અને તે વેચાણ કરારમાં સદર મુદદામાલ પીકઅપ ડાલુ આ કામના અરજદારે તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ વેચાણ લેનાર સાથે વેચાણ આપવાનું નકકી કરી કબજા સાથે વેચાણ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. અત્રે એ બાબત નોંધનીય છે કે સદર મુદદામાલ વાહનનો વેચાણ કરાર તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે જ્યારે સદર મુદદામાલ વાહન દિયોદર પોલીસ ધ્વારા દિયોદર પોલીસ સ્ટેશનના પ્રોહી ગુના રજીસ્ટર નંબર. ૧૫૯/૨૦૧૭, પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) અને ૮૧ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે તારીખ ૧૪.૫.૨૦૧૭ ના રોજ કબજે લીધેલ હોવાની હકીકત ફરીયાદ, પંચનામા અને મુદદામાલ પાવતી ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે અને તે રીતે હાલના અરજદારે આ કામના આરોપી અશોકજી બાબુજી ઠાકોર સાથે તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ નોટરી સમક્ષ વેચાણ કરાર કરેલ તે દિવસે સદર મુદદામાલ પીકઅપ ડાલુ પોલીસ ધ્વારા ગુનાના કામે કબજે કરી લેવામાં આવેલ હતું અને આમ, સદર મુદદામાલ વાહનનો વેચાણ કરાર જ્યારે ગુનો થયા બાદ પોલીસે સદર પીકઅપ ડાલુ ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે કરેલ ત્યાર બાદ વેચાણ કરાર કરવામાં આવેલ છે અને તે વેચાણ કરાર પાછળથી કરવામાં આવેલ હોવાનું અને તે વેચાણ કરારમાં સદર મુદદામાલ પીકઅપ ડાલુ આ કામના અરજદારે તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ વેચાણ લેનાર સાથે વેચાણ આપવાનું નકકી કરી કબજા સાથે વેચાણ આપેલ હોવાની હકીકત ઉભી કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. વધુમાં આ કામે હાલના અરજદારના પોલીસ સમક્ષના નિવેદનને પણ ધ્યાને લેવામાં આવે તો તેઓ સદર મુદદામાલ પીકઅપ ડાલાના માલીક હોઇ તેઓના નામે આર.સી. બુક હોય તે સ્વાભાવીક છે પરંતુ હાલના અરજદારે ખુદ તેમના નિવેદનમાં “તેણે તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ અશોકજી બાબુજી ઠાકોર, રહેવાસી. પાટણ વાળાને રમેશભાઇ ઠકકર દલાલ મારફતે વેચાણ કરેલ અને લોનની ગાડી હોઇ તે ટ્રાન્સફર થયેલ નહી” તેવી હકીકત સ્પષ્ટ જણાવેલ છે અને વધુમાં હાલના અરજદારે તપાસ દરમિયાન તેમના નિવેદનમાં “જેથી હું તેમણે પાટણમાં નોટરી દસ્તાવેજ તારીખ ૮.૫.૨૦૧૭ ના વેચાણ કરેલનો દસ્તાવેજ તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ કરેલ હતો અને પૈસા પણ મને તે દિવસે પુરા મળી ગયેલ હતા જેથી આ દસ્તાવેજ લેટ કરવાનું કારણ પણ દલાલે મને

તમારા પૈસા પુરા પતી જાય તે પછી દસ્તાવેજ કરીએ તેથી લેટ થયેલ છે" તેવી હકીકત જણાવેલ છે અને તે રીતે હાલના અરજદારે સદર મુદદામાલ પીકઅપ ડાલાના વેચાણ પેટેની પુરેપુરી રકમ પણ તેઓએ સ્વીકારી લીધેલ હોવાની હકીકતનો સદર વેચાણ લેખમાં સ્પષ્ટ ઉલ્લેખ છે અને તે હકીકતનો હાલના અરજદારે તેમના તપાસ દરમિયાનના પોલીસ સમક્ષના નિવેદનમાં પણ સ્વીકાર કરેલ છે.

૭. હવે હાલની અરજીની હકીકતો જોવામાં આવે તો આ કામના અરજદારે હાલની અરજીમાં સોગંદનામા ઉપર તેઓ આ કામે કબજે કરેલ મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર હોવાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓએ તારીખ ૦૮/૦૫/૨૦૧૭ ના રોજ સદર મુદદામાલ પીકઅપ ડાલુ અશોકજી બાબુજી ઠાકોરને વેચાણ આપવાનું નકકી કરી કબજો સોંપેલ હોવાની અને તે વેચાણ બાબતે તેઓ વચ્ચે તારીખ ૧૮/૦૫/૨૦૧૭ ના રોજ નોટરી સમક્ષ વેચાણ દસ્તાવેજ પણ કરવામાં આવેલ હોય અને હાલના અરજદારે મુદદામાલ પીકઅપ ડાલાના અવેજની રકમ પણ સ્વીકારી લીધેલ હોય તેવી કોઇ જ હકીકત હાલની અરજીમાં જણાવેલ નથી. ઉલટાનું, અરજદારે હાલની અરજીમાં તેઓએ સદર વાહન કોઇપણ ગુનામાં વાપરેલ નથી અને અરજદાર સદર વાહનનો ઉપયોગ તેમના ઘરકામ માટે કરતા હોવાની અને સદર વાહન સિવાય તેઓને ખેતીકામમાં ભારે હાલાકી ભોગવવી પડતી હોવાનું જણાવેલ છે. આમ, અરજદારે હાલની અરજીમાં તેઓએ સદર મુદદામાલ વાહનનો વેચાણ લેખ કરી દીધેલ હોવાની અને તેઓએ મુદદામાલ વાહનનો કબજો અશોકજી બાબુજી ઠાકોર ને તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ સોંપી દીધેલ હોવાની અને તેઓએ સદર મુદદમાલ વાહન વેચાણ કરેલ તેની વેચાણ અવેજની રકમ પણ સ્વીકારી લીધેલ હોવાની મહત્વની હકીકતો છુપાવીને હાલની અરજી કરેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે અને તપાસ કરનાર અમલદાર શ્રીએ જ્યારે તેમનો અભિપ્રાય રજુ કરેલ ત્યારે તે અભિપ્રાયની સાથે વેચાણ લેખની નકલ રજુ થતા સત્ય હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

૮. અત્રે એ બાબત પણ મહત્વની છે કે આ કામે હાલના અરજદારે આરોપી અશોકજી બાબુજી ઠાકોર સાથે સદર મુદદામાલ વાહનનો વેચાણ દસ્તાવેજ તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ

નોટરી સમક્ષ કરેલ છે જ્યારે સદર મુદ્દામાલ વાહન દિયોદર પોલીસ ધ્વારા દિયોદર પોલીસ સ્ટેશનના પ્રોહી ગુના રજીસ્ટર નંબર. ૧૫૯/૨૦૧૭, પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) અને ૮૧ મુજબના ગુનાના કામે મુદ્દામાલ તરીકે તારીખ ૧૪.૫.૨૦૧૭ ના રોજ કબજે લીધેલ હોવાની હકીકત ફરીયાદ, પંચનામા અને મુદ્દામાલ પાવતી ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. આમ, તપાસ કરનાર અમલદાર શ્રીના અહેવાલ મુજબ અરજદારે મુદ્દામાલ વાહન આરોપી અશોકજી બાબુજી ઠાકોરને તારીખ ૧૮.૫.૨૦૧૭ ના વેચાણ લેખના આધારે વેચાણ આપી દીધેલ છે અને તે વેચાણ લેખમાં અરજદારે સદર મુદ્દામાલ વાહનનો કબજો આરોપી અશોકજી બાબુજી ઠાકોરને તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ સોંપી દીધેલ પરંતુ સદર મુદ્દામાલ વાહનના અવેજની પુરેપુરી રકમ આવેલ ન હોઇ તેનો વેચાણ દસ્તાવેજ દસ દિવસ મોડો એટલે કે તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હોવાનો ખુલાસો અરજદારે તેમના નિવેદનમાં કરેલ છે પરંતુ સદર મુદ્દામાલ વાહનના વેચાણ કરાર પહેલા જ તે મુદ્દામાલ વાહનનો ગુનાના કામે ઉપયોગ કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ રેકર્ડ ઉપર આવેલ છે.

૯. હવે જોવામાં આવે તો આ કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ દિયોદર પોલીસ સ્ટેશનના પ્રોહી ગુના રજીસ્ટર નંબર. ૧૫૯/૨૦૧૭, પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) અને ૮૧ મુજબના ગુનાના કામે મુદ્દામાલ તરીકે તારીખ ૧૪.૫.૨૦૧૭ ના રોજ સદર મુદ્દામાલ વાહન કબજે લીધેલ અને આરોપીઓ અશોકજી બાબુજી ઠાકોર અને પીરાજી રામચંદજી ઠાકોર ને અટક કરી તેઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવેલ હોઇ અત્રેની અદાલત સમક્ષ તારીખ ૭.૯.૨૦૧૭ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ જેને અત્રેની અદાલત ધ્વારા ક્રિમીનલ કેસ નંબર ૨૨૭/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ વારંવાર સમન્સ અને વોરન્ટ કાઢવામાં આવેલ અને જામીનદાર ને નોટીસ કાઢવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષ અને પોલીસ આરોપીઓને ટ્રાયલ માટે હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઇ અને પોલીસ ધ્વારા પ્રોસેસની બજવણી માટે કોઇ અસરકારક પગલા લીધેલ ન હોઇ અને આરોપીઓને હાજર કરવા પુરતા અને વ્યાજબી પ્રયત્નો કરવા છતાં આરોપીઓ મળી આવતા ન

હોઇ કે નજીકના ભવિષ્યમાં મળી આવે તેવું જણાતું ન હોઇ તે સંજોગોને ધ્યાને લઇ મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશ શ્રી ધ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અને નામદાર ગુજરાત હાઇકોર્ટની સુચનાઓ મુજબ તારીખ ૧૨.૧૧.૨૦૨૨ ના હુકમથી તે કેસ નું પ્રોસીડીંગ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ અન્વયે અટકાવી આરોપીઓને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ. એ હકીકત છે કે તે હુકમમાં આરોપીઓ ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૦૦(૫) મુજબની પરવાનગી આપવામાં આવેલ હોવાનું ગણી જે તે તબકકેથી કેસ આગળ ચલાવવા પણ હુકમ કરવામાં આવેલ હોઇ જે તે સમયે તે કામે કબજે કરેલ સદર મુદદામાલ પીકઅપ ડાલા બાબતે કોઇ હુકમ કરવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. આમ, આ કામે તપાસ દરમિયાન આરોપીઓને અટક કરવામાં આવેલ અને જામીનમુકત કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ આરોપીઓ હાજર રહેલ ન હોઇ તેઓ વિરૂધ્ધના કેસનું પ્રોસીડીંગ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ અન્વયે અટકાવેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. આ કામે તપાસ કરનાર અમલદાર શ્રીના અહેવાલ સાથે રજુ થયેલ વેચાણ લેખ મુજબ હાલના અરજદારે સદર મુદદામાલ પીકઅપ ડાલાને વેચાણ કરાર કરી આરોપી અશોકજી બાબુજી ઠાકોર ને પુરેપુરી અવેજની રકમ સ્વીકારી વેચાણ આપી દીધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને તપાસ કરનાર અમલદાર શ્રીના અહેવાલ મુજબ સદર મુદદામાલ પીકઅપ ડાલુ પરપ્રાંતીય દારૂની હેરાફેરીના ગુનામાં પકડાયેલ હોઇ તેમ જ ગૃહ વિભાગ ગુજરાત સરકારના તારીખ ૧.૧૦.૨૦૨૫ ના પત્ર ક્રમાંક **HD/VDR/E-FILE/8/2024/4357/E1** મૂજબ દારૂના જથ્થામાં પકડાયેલ વાહનની ઇ-ઓકશન ની કાર્યવાહી પણ કરવાની હોઇ જેથી આ કામે કબજે કરેલ મુદદામાલ પીકઅપ ડાલુ હાલના અરજદારને પરત નહી સોંપવા બાબતનો અભિપ્રાય આપેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેવામાં આવે તો હાલના અરજદાર પાસે સદર મુદદામાલ વાહનની માલીકી અને કબજા બંને બાબતમાં સંદેહ ઉભો થાય છે. વધુમાં અરજદાર ધ્વારા હાલની અરજીમાં સદર મુદદામાલ વાહનનો વેચાણ લેખ કરી દીધેલ હોવાની અને તેઓએ મુદદામાલ વાહનનો કબજો અશોકજી બાબુજી ઠાકોર ને તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ સોંપી દીધેલ

હોવાની અને તેઓએ સદર મુદદમાલ વાહન વેચાણ કરેલ તેની વેચાણ અવેજની રકમ પણ સ્વીકારી લીધેલ હોવાની મહત્વની હકીકતો છુપાવવી તે પણ ગંભીર બાબત છે.

૧૦. આમ, આ કામે તપાસ કરનાર અમલદાર શ્રીના અહેવાલ મુજબ સદર મુદદામાલ વાહન વેચાણ કરાર ધ્વારા હાલના અરજદારે આરોપી અશોકજી બાબુજી ઠાકોરને તારીખ ૧૮.૫.૨૦૧૭ ના વેચાણ લેખના આધારે વેચાણ આપી દીધેલ છે અને તે વેચાણ લેખમાં અરજદારે સદર મુદદામાલ વાહનનો કબજો આરોપી અશોકજી બાબુજી ઠાકોરને તારીખ ૮.૫.૨૦૧૭ ના રોજ સોંપી દીધેલ પરંતુ સદર મુદદામાલ વાહનના અવેજની પુરેપુરી રકમ આવેલ ન હોઇ તેનો વેચાણ દસ્તાવેજ દસ દિવસ મોડો એટલે કે તારીખ ૧૮.૫.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હોવાનો અને તે દરમિયાન સદર મુદદામાલ વાહન દિયોદર પોલીસ ધ્વારા ગુનાના કામે તારીખ ૧૪.૫.૨૦૧૭ ના રોજ કબજે કરવામાં આવેલ હોઇ જ્યારે હાલના અરજદાર ધ્વારા સદર મુદદામાલ વાહનનો વેચાણ કરાર કરવામાં આવેલ ત્યારે સદર મુદદામાલ વાહન પોલીસ ધ્વારા ગુનાના કામે કબજે કરી લેવામાં આવેલ અને ત્યારબાદ આ કામના અરજદારે આરોપી સાથે વેચાણ દસ્તાવેજ નોટરી સમક્ષ કરેલ હોવા છતાં તે તમામ મહત્વની હકીકતો છુપાવીને હાલની અરજીમાં સદર મુદદામાલ વાહન પોતાની માલીકી અને કબજા ભોગવટાનું હોવાની અને સદર મુદદામાલ વાહનનો તેઓ ઘરકામ માટે ઉપયોગ કરતા હોવાની અને સદર મુદદામાલ વાહન સીવાય તેઓને ખેતીકામમાં ભારે હાલાકી પડતી હોવાની તદદન ખોટી અને ઉપજાવેલ હકીકતો જણાવેલ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૧૧. આમ, હાલના કામે રજુ થયેલ તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેવામાં આવે તો રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે કે હાલના અરજદારે સદર મુદદામાલ પીકઅપ ડાલુ વેચાણ કરાર કરીને આરોપી અશોકજી બાબુજી ઠાકોરને નોટરી સમક્ષ વેચાણ દસ્તાવેજ કરીને વેચાણ આપી દીધેલ અને સદર મુદદામાલ વાહન ઉપર લોન હોવાના કારણે આર.ટી.ઓ. કચેરીમાં વેચાણ લેનારના નામે તબદીલ થયેલ ન હોવાના કારણે સદર મુદદામાલ વાહન આર.ટી.ઓ. કચેરી ખાતે હાલના અરજદારના નામે ચાલી રહેલ છે. વધુમાં અરજદારે હાલની અરજીમાં તેઓ સદર મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર હોવાની હકીકત જણાવેલ છે પરંતુ હાલના અરજદાર પાસે સદર

વાહન અંગેનો વાસ્તવીક કબજો તથા માલીકી રહેલ ન હોવાનું જણાઇ આવે છે તેમ છતાં અરજદારે હાલની અરજીમાં તેઓ સદર મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર હોવાની ખોટી હકીકત જણાવેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. આમ, હાલના કામે અરજદાર સદર મુદદામાલ વાહનની માલીકી અને કબજો સાબીત કરવામાં નિષ્ફળ રહેલ છે અને અરજદારે મહત્વની હકીકતો હાલની અરજીમાં છુપાવેલ છે અને તે સંજોગોમાં હાલના અરજદાર કોર્ટની વિવેકાધીન રાહત મેળવવા હકકદાર થતા ન હોવાનું મારું સ્પષ્ટ માનવું છે.

૧૨. વધુમાં આ કામે કબજે કરેલ મુદદામાલ વાહનમાંથી પરપ્રાંતીય અંગ્રેજી દારુની બોટલ નંગ ૧૬૭૫ કુલ કિંમત રુપીયા ૧,૬૭,૫૦૦/- નો દારુ પકડાયેલ છે અને તપાસ કરનાર અમલદાર શ્રીએ સદર મુદદામાલ પીકઅપ ડાલુ પરપ્રાંતીય દારૂની હેરાફેરીના ગુનામાં પકડાયેલ હોઇ તેમ જ ગૃહ વિભાગ ગુજરાત સરકારના તારીખ ૧.૧૦.૨૦૨૫ ના પત્ર ક્રમાંક HD/VDR/E-FILE/8/2024/4357/E1 મૂજબ દારૂના જથ્થામાં પકડાયેલ વાહનની ઇ-ઓકશન ની કાર્યવાહી પણ કરવાની હોઇ જેથી આ કામે કબજે કરેલ મુદદામાલ પીકઅપ ડાલુ હાલના અરજદારને પરત નહી સોંપવા બાબતનો અભિપ્રાય આપેલ છે. વધુમાં આ કામે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ થયા બાદ આરોપીઓને હાજર રખાવવામાં ફરીયાદપક્ષ અને પોલીસ સદંતર નિષ્ફળ નીવડેલ હોવાના કારણે મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશ શ્રી ધ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અને નામદાર ગુજરાત હાઇકોર્ટની સુચનાઓ મુજબ તારીખ ૧૨.૧૧.૨૦૨૨ ના હુકમથી તે કેસ નું પ્રોસીડીંગ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૮ અન્વયે અટકાવી આરોપીઓને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ. એ હકીકત છે કે તે હુકમમાં આરોપીઓ ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૦૦(૫) મુજબની પરવાનગી આપવામાં આવેલ હોવાનું ગણી જે તે તબકકેથી કેસ આગળ ચલાવવા પણ હુકમ કરવામાં આવેલ હોઇ જે તે સમયે તે કામે કબજે કરેલ સદર મુદદામાલ પીકઅપ ડાલા બાબતે કોઇ હુકમ કરવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ જણાઇ આવેલ છે.

૧૩. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા, હાલના અરજદાર પ્રથમ દર્શનીય રીતે જ સદર મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર રહેલ નથી. આમ આ કામે અરજદારે મહત્વની હકીકત છુપાવી હાલની અરજી કરેલ છે. આમ, આ કામના અરજદારે પોતે સદર મુદદામાલ વાહનનો માલીક તથા કબજેદાર હોવાની હાલની અરજીમાં જણાવેલ હકીકત રેકર્ડ વિરુધ્ધની હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે અને અરજદારે સદર મહત્વની હકીકત કોર્ટ સમક્ષ છુપાવેલ હોઇ, તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં, આ કામના અરજદાર સદર મુદદામાલ વાહનની કસ્ટડી મેળવવા હકકદાર જણાતા ન હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

અરજદારની હાલની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આજરોજ તારીખ. ૨૯ મી એપ્રીલ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૨૯/૦૪/૨૦૨૬

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
દિયોદર, જી. બનાસકાંઠા
Judge Code : GJ00572